રઘુ હાંફતો હાંફતો ટ્રેનમાં ચડ્યો ત્યારે એનું શર્ટ ફાટી ગયું હતું. પરસેવે રેબઝેબ... મોઢા પર કાળા કાળા ડાઘા... પરસેવાની સાથે સાથે લાળ ટપકતી હતી. આંખો ભરાઈ આવી હતી. છાતી ધમણની જેમ હાંફતી હતી. શ્વાસ એટલો ફૂલી ગયો હતો કે પ્લૅટફૉર્મ છોડી ચૂકેલી ટ્રેનને પકડીને એ અંદર કૂદતાવેંત પૅસેજમાં જ ફસડાઈ પડ્યો. બાથરૂમની પાર્ટીશન વૉલને અઢેલીને એણે પગ લંબાવી દીધા અને ઊંડા ઊંડા શ્વાસ લેવા લાગ્યો.

ટ્રેને બરાબર ગતિ પકડી પછી એણે ધીમેથી વાંકા વળીને જોયું. ‘દૂર સુધી કોઈ દેખાતું નથી. હાશ...!’ એણે ફાટેલા શર્ટની બાંયથી કપાળ પરનો – ચહેરા પરનો પરસેવો લૂછ્યો. લાળ સાફ કરી, ‘મારા હાળા પોલીસડા... પ્લૅટફૉર્મ પર જ રહી ગ્યા... આ રઘલાને પકડવો કંઈ સહેલી વાત નથ... કેટલાયને હાથતાળી દઈને આમ કેટલીયે વાર ભાગ્યો છું. ઊભા હશે હાથ ઘસતા... હું તો હમણાં સવાર પડતાં મુંબઈ ભેગો થઈ જવાનો. છો ગોત્યા કરે મારા બેટા...’ એના ચહેરા પર સ્મિત આવી ગયું. એણે ઊભા થઈને બાથરૂમનો દરવાજો ખોલી જોયો. બંને તરફના દરવાજા બંધ હતા એટલે બીજી તરફના સેકન્ડ એ.સી.ના ડબામાં પ્રવેશી ગયો. ત્યાંના બાથરૂમમાં જઈ, આરસીમાં જોઈ મોઢાના ડાઘ સાફ કર્યા. સુગંધી સાબુનું ફીણ લઈ મોઢું ધોયું. આંગળીઓથી વાળ સમાર્યા ને પછી અરીસામાં જોઈ સ્મિત કરીને બહાર નીકળ્યો.

સામે ઊભેલા ટિકિટચેકરે એને જોયો, પણ રઘલાએ હાથ જોડીને કહ્યું, “આગલા સ્ટેશને ઊતરી જઈશ માઈબાપ... ટ્રેન ચાલુ થઈ ગઈ એટલે આંય ચડી ગ્યો... એક સ્ટેશનનો સવાલ છે.”

એનું ફાટેલું શર્ટ અને હાલત જોઈને ટિકિટચેકરને દયા આવી. એણે આંખથી જ ચેતવણી આપી અને આગળ વધી ગયો.

રઘલો ફરી પૅસેજમાં પગ લાંબા કરીને ગોઠવાઈ ગયો, “આગલું સ્ટેશન તો બે કલાકે આવશે. મજાની ઊંઘ ખેંચી લઉં. પછે જોયું જશે.” એણે આંખો મીંચી દીધી.

એની બંધ આંખો સામે થોડી મિનિટો પહેલાં ભજવાયેલું દૃશ્ય સિનેમાની પટ્ટીની જેમ દોડવા લાગ્યું.

રુકમણિના નાનકડા ઓરડામાં રઘલો તદ્દન વિવસ્ત્ર દશામાં પડ્યો હતો. લાકડાના પાર્ટિશન ઠોકી ઠોકીને બનાવાયેલી સાત બાય સાતની આ ખોલીઓ વરિયાળી બજારના એક ખખડધજ મકાનમાં ગૂંગળામણ થઈ જાય એટલી સંકડામણમાં માંડ માંડ શ્વાસ લેતી હતી. માયાબાઈના કોઠા પર છોકરીઓની હાલત બીજા કોઠાઓ કરતાં ઘણી સારી હતી. કુલ સાત છોકરીઓ હતી. ચંદા, પૂજા, અલકા... નામથી શું ફરક પડે છે? એના સાચા નામની આમેય કોઈને ખબર નહોતી.

"રોમા..." પહેલી વાર રઘલો જ્યારે રુકમણિને મળ્યો ત્યારે એણે લિપસ્ટિકવાળા હોઠ પર જીભ ફેરવતાં પોતાનું નામ ખોટું જ કહેલું.

પછી તો રઘલો ત્યાં નિયમિત જવા માંડ્યો. શનિવારે પૈસા હાથમાં આવે કે સીધો રુકમણિને ત્યાં પહોંચી જતો. એક અડધી બાટલી ને રુકમણિની માદક કાયાની ગરમાહટમાં રવિવારની સવાર ક્યાં પડી જતી એની બેઉને ખબર રહેતી નહીં.

ધીમે ધીમે રુકમણિ ખૂલવા માંડી. એણે પોતાના ગામની, બાળપણની અને બીજી વાતો રઘલાને કહેવા માંડી. શરૂઆતના દિવસોમાં રઘલાને 'પૈસા વસૂલ' કરવાની જેટલી લ્હાય રહેતી એટલી હવે નહોતી રહેતી. એ પણ રુકમણિની વાતો સાંભળતો. પોતાની વાતો કહેતો...

"ચાલ, તને ભગાડી જાઉં." એ ક્યારેક દાણો દબાવી જોતો.

"જા, જા... તારી જોડે ભાગીને ભૂખે મરું!" રુકમણિ આંખો નચાવતી, "અમારે ત્યાંથી પદ્મા ભાગી હતી. પેલાએ ફરી વેચી દીધી તે હરીફરીને પાછી સામેના કોઠામાં બેસે છે. બધા મરદ એક જેવા. દિલ ભરાઈ જાય પછી થૂંકવાય ન આવે."

"હું ક્યાં એવો છું?" રઘલો લાડ કરતો.

"જો રઘલા, અહીં ખાઈ-પીને ખુશ છું. મારી પોતાની ખોલી છે. માયાબાઈ મને દીકરીની જેમ રાખે છે. રાંધેલા રોટલા ખાઉં છું. તારે ઘેર રોટલા ટીપવાની તૈયારી નથી મારી." રુકમણિ જીવનનું કડવું સત્ય સહેજે અચકાયા વિના કહી નાખતી.

"રૂકલી..." એની લીસ્સી રેશમ જેવી માદક કાયા પર હાથ ફેરવતો

રઘલો એને ડરાવતો, "કાલે ઊઠીને આ બધું નહીં રહે ત્યારે?"

"કાલની વાત કાલે રઘલા, આજની વાત કર." રુકમણિ પાસે જીવનની અજબ જેવી ફિલૉસૉફી હતી. એ તદ્દન વર્તમાનમાં જીવતી. એને ભવિષ્યનો ડર લાગતો નહીં કે પછી લાગતો હોય તો એ દેખાવા દેતી નહીં. એના કોઠા પરની અને આસપાસની કેટલીયે છોકરીઓ લગ્ન કરવા ને ઘર માંડવા ફાંફા મારતી, પણ રુકમણિ રઘલાની આટઆટલી વિનંતી છતાંય એ દિશામાં વિચારવા સુદ્ધાં તૈયાર નહોતી.

સોમથી શુક્ર સુધી રઘલાની એક એક રાત તરફડાટમાં વીતતી. રુકમણિના કોઠા પર રોજ રાત્રે આવતા જુદા જુદા ગ્રાહકોના વિચારમાત્રથી એનું લોહી ગરમ થઈ જતું, માથું ફરી જતું. પોતાની રુકમણિ એને બીજાના બાહુપાશમાં લપેટાયેલી દેખાતી. એ મરવા-મારવા તૈયાર થઈ જતો...

■

અત્યારે ટૂંટિયું વાળીને સૂતેલો રઘલો રુકમણિના વિચારમાત્રથી ઉત્તેજિત થઈ ગયો હતો. અત્યારે રુકમણિને કારણે જ ભાગવું પડ્યું હતું એને. શનિવારે રાત્રે રુકમણિના કોઠા પર એ કડકડતી નોટો લઈને પહોંચ્યો ત્યારે કોઈ પોલીસ ઇન્સ્પેક્ટર પહેલેથી જ રુકમણિની ખોલીમાં દાખલ થઈ ગયો હતો.

માયાબાઈએ સમજાવ્યો એને, "આટલી છોકરીઓ છે, બીજા કોઈનો વિચાર કરને..." પણ રઘલો જેનું નામ, એક અક્ષર બોલ્યા વિના સડસડાટ દાદરા ઊતરીને ચાલી ગયો. પછી કોણ જાણે શું ભેજું ફર્યું એનું તે કાવસના ગરાજ પર જઈને બાટલી ખોલીને પીવા બેઠો.

દારૂ બરાબર ચઢી ગયો પછી ઊભો થઈને લથડિયાં ખાતો ફરી માયાબાઈના કોઠા પર આવ્યો.

"ખોલ..." એણે રુકમણિની ખોલીના પાર્ટિશનના બંધ દરવાજા પર હથેળી ઠોકી. માયાબાઈ અને કોઠા પરના બે-ત્રણ રખેવાળોએ એને રોકવાનો પ્રયાસ કર્યો પણ રઘલાનું મગજ ફરી ગયેલું હતું. સોમથી શુક્ર તો એ માંડ માંડ કાઢતો. આજે શનિવારની રાત્રે પણ રુકમણિ એને ન મળે એ વાત એને માટે અસહ્ય હતી, "ખોલ છીનાળ... તારી જાતની..." એણે ગંદી ગાળ દીધી.

ધડાક! બારણું ખૂલી ગયું. ચણિયો-ચોળી પહેરેલી રુકમણિ સામે ઊભી હતી. એના બ્લાઉઝનાં બે બટન ખુલ્લાં હતાં. લીસ્સી ત્વચા અને કાયાના કમનીય વળાંકો જોઈને રઘલો ભાન ભૂલી ગયો. અંદર સૂતેલો ઇન્સ્પેક્ટર એને દેખાયો તોય એણે રુકમણિને બેય હાથે બાહુપાશમાં લેવાનો પ્રયત્ન કર્યો. એને બંને હાથે ધક્કો મારીને આઘો કરતાં રુકમણિએ ધીમેથી કહ્યું, "જોતો નથી... અંદર મહેમાન છે? જા, ઘેર જા..."

"હવે તો તને લઈને જ ઘેર જઈશ. રોજ રોજ ગામનાં કૂતરાં આમ મોઢાં મારી જાય એ મને નહીં પોસાય." એણે રુકમણિનો હાથ પકડીને ખેંચ્યો, "ચાલ."

"ગાંડો થયો છે?" રુકમણિએ હવે લાડમાં, હળવાશથી નહીં, પણ જોરથી ધક્કો માર્યો. પીધેલો રઘલો જમીન પર ફસડાઈ ગયો. રુકમણિ બારણું બંધ કરવા જતી હતી કે રઘલાએ લાત મારીને પ્લાયવૂડના પાર્ટિશનનો દરવાજો મિજાગરામાંથી છૂટો કરી નાખ્યો. રુકમણિને બાજુએ હડસેલીને એ અંદર દાખલ થઈ ગયો. ખાટલામાં ગંજી અને અંડી પહેરીને સૂતેલા ઇન્સ્પેક્ટરને એણે ઊંચકીને ઊભો કરી દીધો. પેટમાં એવા બે મુક્કા રસીદ કર્યા કે પેલો બંને હાથે પેટ દબાવતો કપડાં પહેરવા લાગ્યો. લાતો અને મુક્કા વરસાવતો રઘલો ગાળાગાળ કરતો હતો.

એ વધુ કંઈ કરી શકે તે પહેલાં સાત-આઠ પોલીસવાળા ઉપર ધસી આવ્યા. એમણે રઘલાને પકડીને ધોવા માંડ્યો. ત્યાં પડેલી લાકડી ઊંચકીને રઘલાએ બધાને ધોવા માંડ્યા.

જાન બચાવીને રઘલો ભાગ્યો, પણ જતાં જતાં એણે ફૂટેલા આયનાનો ટુકડો લઈને રુકમણિના પેટમાં ખોસી દીધો, "તું મારી નહીં તો કોઈનીય નહીં, એટલું યાદ રાખજે." એણે ભાગતાં ભાગતાં બૂમ પાડી.

પાછળ વળીને એક વાર જોયું તો રુકમણિના ખુલ્લા પેટમાંથી લોહીનો ફુવારો વછૂટતો હતો. એની ઘાટીલી કમર, નાભી નીચે પહેરાયેલો ચણિયો અને ફર્શ સુદ્ધાં લાલચોળ થઈ ગઈ હતી.

એકથી બીજા છાપરે કૂદતો રઘલો સીધો રેલવે સ્ટેશન પહોંચ્યો.

હજી પોલીસ એને પકડી શકે તે પહેલાં પ્લૅટફૉર્મ છોડી રહેલી ટ્રેનમાં એ ચડી બેઠો...

અત્યારે એ ટ્રેન મુંબઈ તરફ ધસી રહી હતી ને રઘુ આંખ મીંચીને બનેલી ઘટનાને વાગોળતો રુકમણિનો વિચાર કરતો હતો.

■

રઘુ આમેય ઘણા દિવસથી મુંબઈ જવાનો વિચાર કરતો હતો. અહીં નાની-મોટી ચોરીઓ કરીને એનો કંઈ બહુ મોટો ફાયદો નહોતો થતો. એનાં સપનાં મોટાં હતાં. આલીશાન ગાડી, ગળામાં સોનાની ચેઇનો, આંગળીઓમાં સોનાની વીંટીઓ, મોબાઇલ ફોન...

આ બધું એને સુરતમાં રહે-રહે મળે એમ નહોતું. એનો દોસ્ત માવજી એને વારંવાર કહેતો, "તું તો મુંબઈના અંડરવર્લ્ડમાં ચમકી ઊઠે એવો હીરો છે. મુંબઈ પહોંચી જા. તું કહે તો નાસીરભાઈ સાથે વાત કરી લઉં."

રુકમણિના મોહમાં અંધ રઘલો ગમે તેટલી મોટી લાલચ મળે તો પણ સુરત છોડવા તૈયાર નહોતો. આજે નસીબે એને રુકમણિને લીધે સુરત છોડાવ્યું.

"સાલ્લી આનું નામ જ જિંદગી... જેને લીધે જીવતો હતો એનું જ ખૂન કરી નાખવું પડ્યું." રઘુના ચહેરા પર કડવું સ્મિત આવી ગયું ને આંખમાં પાણી ઊભરાયાં, "માની ગઈ હોત તો? રાણી કરીને રાખત..."

બરાબર એ જ વખતે સેકન્ડ એ.સી.નો દરવાજો ખૂલ્યો. એક વીસેક વર્ષની ઊંઘરેટી છોકરી ઊંઘમાં જ બાથરૂમ તરફ જઈ રહી હતી. એનો પગ રઘુને અથડાયો. ઠેસ વાગતાં એનું સમતુલન ગયું અને સીધી નીચે પછડાઈ. સાવધ રઘુએ એને પોતાના બે હાથમાં ઝીલી લીધી. છોકરીના કમર સુધીના વાળ વિખરાઈ ગયા હતા. એણે ચહેરા પરથી વાળ હટાવ્યા ને રઘુ એની સામે જોઈને બેહોશ થવાની તૈયારીમાં હતો.

"રુકલી?" રઘુથી પુછાઈ ગયું.